મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૭.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૬ ટકા

ગાંધીનગર તાપમાન

# સરગાસણ ચાર રસ્તા નજીક પાયાના પ્રશ્નોથી રહીશો ત્રસ્ત

## ઠેર ઠેર ગંદકીના ઢગ અને બિસ્માર રસ્તાઓના કારણે નાગરિકો પરેશાન : રસ્તાઓ પર હંગામી દબાણોના કારણે ટ્રાફિકની સમસ્યા

ગાંધીનગર, તા.૩

ન્યુ ગાંધીનગરના સરગાસણ ચાર રસ્તા વિસ્તારમાં વિકસેલી નવી સોસાયટીઓના રહીશો આ વિસ્તારની ગંદકી અને બિસ્માર રોડ રસ્તા સહિતની પાયાની સુવિધાઓની કથળેલી હાલતથી પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ખાસ કરીને જે સોસાયટીઓ ઉવારસદ તથા વાવોલની હદમાં આવે છે તે વિસ્તારમાં આ સમસ્યા વધુ જોવા મળી રહી છે.

એક તરફ આગામી વાઈબ્રન્ટ સમિટને પગલે પાટનગરને નવોઢાની જેમ સજાવવામાં આવી રહ્યું છે અને જે રાજમાર્ગો ખૂબ સારી સ્થિતિમાં છે તેના પર પણ નવો ડામર પાથરી રીસરફેસ કરવામાં આવી રહ્યા છે ત્યારે બીજી તરફ શહેરના સરગાસણ ચાર રસ્તા નજીકની સોસાયટીઓમાં સ્વચ્છતા અંગેની સમસ્યા ખૂબ વકરી છે જેને કારણે આ વિસ્તારમાં રોગચાળો ફેલાઈ શકે તેવી દહેશત પણ રહીશો સેવી રહ્યા છે. પારાવાર ગંદકીને કારણે આ વિસ્તારમાં રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ પણ વધી જવા પામ્યો છે. સરગાસણ ચાર રસ્તા નજીક ટીપી સ્કીમ નં. ૯ આવેલી છે ત્યાં રોડ રસ્તા પણ બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યા છે તેમજ મુખ્ય માર્ગો પર દબાણો, સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં હોવાથી સર્જાતા ચોરીના બનાવો, ખુલ્લા પ્લોટ તથા જાહેર સ્થળોએ દબાણોનો પ્રશ્ન જોવા મળી રહ્યો છે. આ વિસ્તારના રહીશો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં આ સમસ્યાઓ અંગે કોઈ પગલાં લેવાતા નથી.

સ્વચ્છતા ઉપરાંત આ વિસ્તારમાં બીજી મુખ્ય સમસ્યા બિસ્માર રોડ રસ્તાની છે જેને કારણે નાના-મોટા અકસ્માતો પણ સર્જાઈ ચુકયા છે. અગાઉ બનાવેલા રોડ તુટી જવા પામ્યા છે અને તુટેલા માર્ગો પર નવી રહેણાંક સ્કીમોના બિલ્ડર્સ રેતી કપચી જેવા મટિરિયલ્સ ના રોડ પર જ ઢગલાં કરી દબાણ કરી રહ્યા છે આ કારણે આ વિસ્તારના વાહનચાલકોને પણ પારવાર મુશ્કેલી પડી રહી છે. આ ઉપરાંત શાકભાજીની લારીઓ તથા પાથરણાવાળા વેપારીઓએ પણ માર્ગો પર અડ્ડા જમાવતા ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે. આ વિસ્તારમાં તંત્ર દ્વારા સત્વરે પાયાના પ્રશ્નો ઉકેલાય તેવી રહીશોમાં માંગ ઉઠવા પામી છે.

### સ્થળ નિરીક્ષણ પણ કરાયું છતાં...!!!

સરગાસણ ચાર રસ્તા પાસેની આ સોસાયટીઓની સમસ્યા અંગે તાજેતરમાં ગુડાના ડેપ્યુટી એન્જિનીયર સંજયભાઈ પટેલે ન્યુ ગાંધીનગર વસાહત મંડળના પ્રમુખ વાસુદેવભાઈ પટેલ, ટીપી-૯ વસાહત મંડળના પ્રમુખ જગદીશભાઈ ઈનમેરા, સૂર્યા રીટ્રીટના હિંમતભાઈ પટેલ, વિનીતભાઈ પટેલ, શરણ રેસીડેન્સીના સુધીરભાઈ મહેતા તથા શરણમ્ સોસાયટીના પ્રમુખ વસંતભાઈ પટેલ સહિત મુકેશભાઈ પટેલ, ભુદરભાઈ ચાવડા વગેરે અગ્રણીઓ સાથે આ વિસ્તારની મુલાકાત લઈ સમસ્યાઓનું નિરિક્ષણ પણ કર્યું હતું.



# સિવિલની હલચલ પર તીસરી આંખની નજર

ગાંધીનગર મેડીકલ કોલેજ તંત્ર દ્વારા સિવિલની સિકયુરીટીમાં વધારો કરવા માટે સીસીટીવી કેમેરા ફીટ કરવાની કામગીરી ચાલી રહી છે. ૧૦૦ થી વધુ સીસીટીવી કેમેરાથી હોસ્પિટલમાં, ઓપીડી વિભાગ, તાત્કાલીક સારવાર વિભાગ, નવી બિલ્ડીંગના વોર્ડ, તેમજ કેમ્પસના બહારના એરીયાને પણ આવરી લેવામાં આવશે. એમસીઆઈની ગાઈડલાઈન મુજબ હાલની સ્થિતએ બંધ કેમેરાની જગ્યાએ નવા કેમેરા ફીટ કરવામાં આવશે.

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં છેલ્લા કેટલાક સમયથી વાહનચોરીની ફરિયાદો ઉઠવા પામી છે. ચોર ટોળકી કેમ્પસને ટાર્ગેટ કરી રહી છે. સિવિલમાં આંતરે દિવસે વાહનચોરીના બનાવો બની રહ્યા છે. કેમેરા બંધ હોવાથી તસ્કરો આસાનીથી પોતાની કળા કરી જાય છે. ચોરીના બનાવો પર અંકુશ આવે તે માટે હવે સિવિલ તંત્ર સિવિલ હોસ્પિટલને પણ વધુ સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવી રહ્યું છે. સિવિલ હોસ્પિટલના નવા રેડીયોલોજી વિભાગમાં સીસીટીવી કેમેરા ફીટ કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાતં હોસ્પિટલના બહારના સ્થળો ઉપર ચોરીના બનાવો ડામવા પણ આ વિસ્તારને સીસીટીવી કેમેરાની નજર હેઠળ આવરી લેવામાં આવશે. જયારે સમગ્ર સંકુલમાં હાલમાં જે કેમેરા બંધ હાલતમાં છે તે કેમેરા નવા ફીટ કરવામાં આવશે. સિવિલ હોસ્પિટલમાં નવા ૧૦૦ સીસીટીવી કેમેરા ફીટ કરવામાં આવશે. સીસીટીવી કેમેરાને પગલે હોસ્પિટલના દરેક વિસ્તારની હલચલ પર તીસરી આંખની નજર રહેશે. જેથી હવે કોઈ પણ તીસરી આંખથી બચી શકશે નહી.

# ગાંધીનગર દુધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડનો સ્નેહમિલન સમારંભ યોજાયો





ગાંધીનગર, તા.૩

ગાંધીનગર ખાતે દુધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડનો સ્નેહમિલન સમારંભ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ ૩૧મી ડિસેમ્બરને સોમવારના રોજ સેકટર-૧૬ ખાતે રંગમંચ ખાતે રાખવામાં આવ્યો હતો. ગાંધીનગરમાં દૂધ વિતરણની કામગીરી કરતા કેન્દ્ર સંચાલકોના પરિવારજનો તથા મંડળીના બોર્ડ ઓફ ડીરેકટર્સ, કર્મચારીઓ અને ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટરોની વિશાળ હાજરીમાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત મંડળીના હોદ્દેદારોએ દીપ પ્રાગટયથી કરી હતી. ત્યારબાદ મંડળીના ચેરમેન દિલીપસિંહ ચૌહાણે સ્વાગત પ્રવચનમાં ઉપસ્થિત રહેનાર દરેક મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા. મંડળીના મેનેજીંગ ડિરેકટર પંકજભાઈ શુકલએ કેન્દ્ર સંચાલકો અને કર્મચારીઓની કામગીરીને બિરદાવી પ્રોત્સાહન પુરું પાડયુ હતું. મંડળીના વાઈસ ચેરમેન કેતન પટેલે કાર્યક્રમની આભાર વિધિ કરી હતી. ત્યારબાદ ગરબાનો આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન મંડળીના જનરલ મેનેજર નરહરદાન ગઢવીએ સંભાળ્યું હતું.

# સે-૫ ખોડીયાર મંદિર પાસે રૂ. ૨૦ હજારની લાંચ લેતા લાયસન્સી સર્વેયર ઝડપાયા

## જમીન રીસર્વે કરાવવા આપેલી વાંધા અરજીમાં ઝડપી કાર્યવાહી કરવા લાયસન્સી સર્વેયરે લાંચ માગી હતી : ગાંધીનગર એસીબીએ છટકુ ગોઠવ્યુ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સ્થિત ડી.આઈ.એલ.આરની કચેરીમાં લાયસન્સી સર્વેયર તરીકે ફરજ બજાવતો કર્મચારી ગાંધીનગર એસીબીના છટકામાં આવી ગયો છે. એક ખેડૂતે માણસા તાલુકાના બોરુ ગામે આવેલી પોતાની જમીન રીસર્વે કરાવવા વાંધા અરજી આપી હતી તે અરજીમાં ઝડપી કાર્યવાહી કરવા માટે લાયસન્સી સર્વેયરે ખેડૂત પાસે રૂપિયા ૨૦ હજારની માંગણી કરી હતી. ખેડૂતે આ મામલે એસીબીને ફરિયાદ કરતા એસીબીની ટીમ દ્વારા ગઈકાલે સે-૫ ખાતે ખોડીયાર મંદિર પાસે છટકુ ગોઠવીને લાયસન્સી સર્વેયરને લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યો હતો. એસીબીની ટીમે લાયસન્સી સર્વેયર સામે ગુનો દાખલ કરીને તેની આવક અંગે પણ ઊંડી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગરના એક ખેડૂતને માણસા તાલુકાના ગામની સીમમાં પોતાની ખેતીની જમીન આવેલી છે. આ ખેતીની જમીનમાં કબજો ફેરફાર સુધારો કરવા માટે ડી.આઈ.એલ.આર ની કચેરી ગાંધીનગર ખાતે ખેડૂતે જમીન રીસર્વે કરાવવા વાંધા અરજી આપી હતી. આ અરજીની ઝડપી કાર્યવાહી કરવા માટે ડી આઈ એલ આર ની કચેરીના લાયસન્સી સર્વેયર અમરીશ ઈશ્વરભાઈ પટેલે ખેડૂત પાસે રૂપિયા ૨૦ હજારની લાંચની માગણી કરી હતી. ખેડૂત આ લાંચની રકમ લાયસન્સી સર્વેયર ને આપવા માગતા ન હોવાથી તેમણે ગાંધીનગર એસીબીમાં આ મામલે ફરિયાદ કરી હતી. જે અનુસંધાને એસીબી ગાંધીનગર એકમના મદદનીશ નિયામક આશુતોષ પરમારના સુપરવિઝન હેઠળ અરવલ્લી એ.સી.બી પી.આઈ સી.ડી.વણઝારા તથા તેમની ટીમે છટકુ ગોઠવ્યુ હતુ. ગઈકાલે ગાંધીનગર શહેરના સેકટર-૫ ખાતે ખોડીયાર મંદિર પાસે આ લાંચની રકમ સ્વીકારવા લાયસન્સી સર્વેયર ખેડૂતને મળવાના હતા ત્યારે એસીબીની ટીમે ટ્રેપ ગોઠવીને લાયસન્સી સર્વેયરને લાંચ સ્વીકારતા રંગે હાથ પકડી પાડયા હતા. લાયસન્સી સર્વેયર અમરીશ પટેલ સામે ગુનો દાખલ કરીને એસીબીની ટીમે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

# સે-૬ સત્યાગ્રહ છાવણીના મેદાનમાંથી તાડીનો વેપલો કરતા બે ઝડપાયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૬ ખાતે આવેલા સત્યાગ્રહ છાવણીના મેદાનમાં બે યુવા શખ્સો એકટીવા લઈને તાડીનો વેપલો કરવા બેઠા હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબી ટીમે દરોડો પાડી ગઈ મોડી સાંજે બંને શખ્સોને તાડી સાથે પકડી પાડવામાં આવ્યા હતા. એલસીબીની ટીમે ૪૩ લીટર તાડી સાથે બંને શખ્સોની ધરપકડ કરીને તેમની પાસેથી રૂ.૨૨,૫૭૦નો મુદ્દામાલ જપ્ત કરી સેકટર-૭ પોલીસ મથકમાં ગુનો દાખલ કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ નિરજ પટેલ અને તરલ ભટ્ટની સુચનાથી તેમની ટીમ ગઈ રાત્રે શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ જયપાલસિંહને બાતમી મળી હતી કે સેક્ટર-૬ના મેદાનમાં સત્યાગ્રહ ઉપવાસી છાવણી નજીક સર્વીસ રોડ પર અંધારામાં બે શખ્સો એક્ટિવા પર બે થેલા મુકીને તાડીનું વેચાણ કરે છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમે દરોડો પાડતા બાતમીવાળા સ્થળેથી જીજે ૨૭ સીકે ૮૦૯૨ નંબરનું એક્ટિવા લઈને ઉભેલા બે શખ્સો મળી આવ્યા હતા. કોર્ડન કરીને બંનેને ઝડપી પાડીને પુછતાછ કરતા તેઓ મુળ તેલંગાણાના અને હાલ સેકટર-૧૩ના છાપરામાં રહેતા કોઠુરી વિજેન્દર અને ચીરવેરી વેંકટેસ નારાયણ હોવાનું બહાર આવ્યું હતું. એક્ટિવામાં તપાસ કરતાં બે થેલામાં તાડી ભરેલી ૮૬ નંગ પ્લાસ્ટીકની પોટલીઓ મળી આવી હતી. એલસીબીની ટીમે તાડીનું સેમ્પલ લઈને બીજી પકડાયેલી તાડીના જથ્થાનો નાશ કર્યો હતો. બંને આરોપીઓ પાસેથી તાડી, રોકડ રૂ.૨૧૪૦, મોબાઈલ અને એક્ટિવા મળી કુલ રૂ.૨૨,૫૭૦નો મુદ્દામાલ જપ્ત કરીને આરોપીઓ સામે સે-૭ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા આદિવાડા આંગણવાડીના ૪૮ બાળકોને નવા કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં છોકરીને ટીશર્ટ અને સ્કર્ટ તથા છોકરાઓને ટીશર્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# આજે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૩

કળીયુગના ચિરંજીવી દેવ હનુમાનજી મહારાજની સાધના-આરાધના-ઉપાસના એટલે સુંદરકાંડ પાઠ જે શ્રી ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસ પીઠે આવતીકાલ તા. ૪-૧-૨૦૧૯ને શુક્રવારના રોજ રાત્રે ૮ કલાકે ઉર્જાનગર વિભાગ-૨ પ્રતિક મોલ પાછળ ગાંધીનગર ખાતે યોજાશે.

## ચિરવિદાય

- સ્વ. પ્રજાપતિ શકરચંદ મનોરદાસ, ઉ.વ. ૭૩
- સ્વ. નિલમદેવી ઓમપ્રકાશ રાય, ઉ.વ. ૫૧
- સ્વ. પરમાર મણીલાલ રામજીભાઈ, ઉ.વ. ૫૨

# સુરમધુર કલાવૃંદ દ્વારા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના જાણીતા ‘સુરમધુર કલાવૃંદ’ દ્વારા શ્રી વિસનગરા નાગર પરિવાર, ગાંધીનગરના રજત જયંતિ સમારોહમાં યોજાયેલા સાંસ્કૃતિક રંગારંગ કાર્યક્રમે જમાવટ કરી હતી. ભારતભરમાંથી પધારેલા અનેક નાગર બંધુઓએ આ કાર્યક્રમને મન ભરીને માણ્યો હતો અને વખાણ્યો હતો.

“રાઘવ ફાર્મ”, ઝુંડાલ ખાતે “સુરમધુર કલાવૃંદ” સંસ્થા, ગાંધીનગર દ્વારા એક જબરદસ્ત, યાદગાર અને ભવ્યાતિભવ્ય “રંગારંગ કાર્યક્રમ”ની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ભવ્ય અને સુંદરતમ મહેલ અને ૧૦૦૦ ફૂટના એલ.ઈ.ડી બેકડ્રોપ સાથે તૈયાર કરેલ વિશાળ સ્ટેજ, અદ્યતન લાઈટીંગ અને ૬૦૦૦૦ વોટની હાઈટેક સાઉંડ સિસ્ટમ સાથે, ૧૦૦ ઉપરાંત કલાકાર કસબીઓની ૩ મહિનાની અથાક મહેનત અને પરિશ્રમ વડે, સુરમધુર દ્વારા તૈયાર કરી પ્રસ્તુત કરાયેલ આ કાર્યક્રમ ખરેખર અદભૂત બની રહ્યો હતો. શ્રી વિસનગરા નાગર પરિવારના ૨૫ વર્ષના ઈતિહાસને ફક્ત ૧૮ મિનિટમાં રજૂ કરતી દસ્તાવેજી ફિલ્મથી પ્રારંભ થયેલા શ્રી વિસનગરા નાગર પરિવારના રજતજયંતિ પ્રસંગે આયોજિત આ કાર્યક્રમમાં, ભારતભરમાંથી પધારેલા અનેક નાગર બંધુઓએ કાર્યક્રમને મન ભરીને માણ્યો અને ખૂબજ વખાણ્યો હતો.

આ કાર્યક્રમની એક ખાસ વિષેશતા એ હતી કે, તમામ પ્રસ્તુતિ નાગર કલાકારો દ્વારા, નાગરોની અસ્મિતાને ઉજાગર કરતા હોય તે રીતે જ કરવામાં આવી હતી. આ કાર્યક્રમના “શૉ ડીરેકટર” તરીકે સેવાઓ આપનાર નાગરબંધુ શ્રી મયંકભાઈ દવે એ કાર્યક્રમના લેખક, દિગ્દર્શક, સંગીતકાર, સ્ટેજ ડીઝાઈનર, નૃત્ય ડીઝાઈનર, સાઉંડ રેકોર્ડિસ્ટ અને એક સફળ નાટ્યકાર તરીકે પોતાની અલભ્ય સેવાઓ આપી હતી. આ કાર્યક્રમમાં ગુજરાતના ૮ અને ભારતના ૯ એમ કુલ ૧૭ વિવિધ નૃત્યોની, નાગર સમાજના તમામ વયજૂથના કલાકાર ભાઈઓ બહેનોએ સુંદર પ્રસ્તુતિ કરી હતી. મોટા ભાગના પ્રથમ વખત જ સ્ટેજ ઉપર આવતાં આ કલાકારોને, સતત ૩ મહિના સુધી સઘન તાલિમ આપી, નૃત્ય દિગ્દર્શક શ્રી નંદ મયંકભાઈ દવેએ, આ સમગ્ર નૃત્યોની પ્રોફેશનલ લેવલની પ્રસ્તુતિ કરાવી હતી. શ્રીમતી વીણાબેન દવે એ ડ્રેસ ડિઝાઈનીંગ કર્યું હતું જયારે બેકગ્રાઉન્ડ મ્યુઝિક શ્રી ધાર્મિક દવે એ તૈયાર કર્યું હતું. નાગરોના ઉચ્ચ ગુણોની વાતોને હળવાશથી રજૂ કરતાં, રંગલા-રંગલી તરીકે શ્રી ધાર્મિક દવે અને ભૂમી ભટ્ટે જબરજસ્ત રજૂઆત કરી લોકોને પેટ ભરી હસાવ્યા હતા. શ્રી મયંક દવે લિખિત, દિગ્દર્શિત, અભિનિત, નાગરના ખમીરને એક અલગ જ રીતે રજૂ કરતું નાટક, “નાગર નરબંકા” માં લોકો પોતાનુ રૂદન રોકી ન શક્યા. જેમાં નાગરોના ખમીરની બે વાતો, વાર્તા સ્વરૂપે શ્રી દિગંત ભટ્ટ અને વીણાબેન દવે એ બાળકો સમક્ષ રજૂ કરી હતી. સાથે સાથે ભોપાલ નાગર સમાજ અને શ્રી અશોકભાઈ વ્યાસ દ્વારા પ્રસ્તુત, મેવાડની પૃષ્ઠ ભૂમિ ઉપર સર્જાયેલ એક સત્ય ઘટના ઉપર આધારિત, ઈતિહાસને ઉજાગર કરતું નાટક ‘દીપદાન’ ની સુંદર પ્રસ્તુતિ કરી લોકોના હૈયા જીતી લીધા. નાગર ગાયક કલાકારો દ્વારા ફિલ્મિ ગીત-સંગીતની કર્ણપ્રિય રજૂઆત કરવામાં આવી હતી. આમાં પણ નાગરને શોભે તેવા શાસ્ત્રિય સંગીત પર આધારિત અને જવલ્લેજ રંગમંચ ઉપર પ્રસ્તુત થતાં, ખૂબ જ અઘરા ગીતો, ‘મેરે ઢોલના અને કુહુ કુહુ બોલે કોયલિયાની સાથે અન્ય ગીતોની પણ આબેહુબ રજૂઆત કરવામાં આવી હતી.

સમગ્ર રંગારંગ કાર્યક્રમમાં મયંક દવે, નંદ દવે, ધાર્મિક દવે, વીણા દવે, નિરવ પંડ્યા, તથાગત મહેતા, હાર્દિક પંડ્યા, ડૉ. ભાવેશ મહેતા, ભૂમિ ભટ્ટ, દિગંત ભટ્ટ, નિરવ વૈધ્ય, ઉર્મિ પંડિત, હિરલ મહેતા, શ્રધ્ધા રાવલ, ઉષા રાવલ, કિર્તિદા પંડિત, સોનાલી રાવલ, વિશ્વા રાવલ, ધર્મિષ્ઠા રાવલ, શ્લોકી મહારાજા, સોનલ રાવલ, મેઘ બુચ, યશ રાવલ, કૃશિલ રાવલ, મેધાવી ઓઝા, નિધી સ્વાદયા, ધ્યાન દવે, રૂદ્ર પંડિત, કામિની દેસાઈ, મોનીલ રાવલ, લજ્જા મહેતા, વિસર્ગ મહેતા, મીતા રાવલ, દેવીના જહા, ભારતીબેન પંડયા, શ્રધ્ધા ભટ્ટ, ધારા દવે, જય જોશી, બેલા મહેતા, ભરત દેસાઈ, પ્રશાંત મહારાજા, વિનોદ રાવલ, કૌશિક રાવલ, આશિષ પંડિત, તજજ્ઞ વૈધ્ય, નીશા પંડ્યા, માનસી પંડયા, મૌલી ભટ્ટ, તિર્થ ભટ્ટ, ધાત્રી પંડયા, કાવ્યા પંડયા, દિયા વૈધ્ય, અર્ચના વ્યાસ, દક્ષ વ્યાસ, આશ્રિતિ મહેતા, અમિત મહેતા, ડૉ. સ્મૃતિ મહેતા, મનીષા પંડયા, નિમીષ મહેતા, અબીર પંડયા અને સુધીર પંડયાએ અભિનયના ઓજસ પાથર્યા હતા.

કાર્યક્રમના સ્વપ્ર દ્રષ્ટા શ્રી હિતેશ રાવલના નેતૃત્વમાં, બિન્દેશ રાવલ, સુભાષ ભટ્ટ, ચિરાગ રાવલ, સાગર રાવલ વિગેરે મિત્રોએ તનતોડ મહેનત કરી કાર્યક્રમને સફળતાના શિખરો સર કરાવ્યા હતા. રંગારંગ કાર્યક્રમની સમગ્ર આર્થિક જવાબદારી શ્રી સનતભાઈ પંડયા અને શ્રી મયંક દવે એ ઉપાડી કાર્યક્રમને ‘ન ભૂતો ન ભવિષ્યતિ “ જેવો બનાવવાનો નમ્ર પ્રયાસ કર્યો હતો.